**ધોરણ ૧૨**

## કોમર્સ અને આર્ટ્સ પછી

**જે ધારશો તે બનશો..**




# કરિયર ગાઇડન્સ

## બુકલેટ

પ્રકાશકઃ
noble UNIVERSITY

# Proud Alumni


SOHIL HIRPARA

APPLE INC.


ABHISHEK SHARMA

Cadbury PEPSICO


MILAN PARMAR

Paytm


SHAILY JOSHIPURA

HDFC BANK
We understand your world


HIRAL KUWARADIYA

S&P Global


RUTU CHANDARANA

ICICI Bank


MONIKA PANDIYA

AXIS BANK


DEEP CHANDARANA

HDFC ERGO
Take it easy!

# Major Recruiters

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| Reliance Industries Limited | amazon | kotak | tcs TATA CONSULTANCY SERVICES | Coca-Cola | Unilever | P&G |
| Nestlé | adani | Jio | EVEREST | BAJAJ FINSERV | ITC Limited | Flipkart |

# આ બુક છેલ્લે સુધી શા-માટે વાંચવી જોઈએ?
## એ સમજવા માટે આ એક પેજ વાંચો.

વિદ્યાર્થી જયારે પહેલું ધોરણ પુરુ કરે છે, ત્યારે તેની પાસે "આગળ શું કરવું?" એવી કોઈ ચોઈસ હોતી નથી. પહેલા ધોરણ પછી ફરજિયાત બીજું ધોરણ જ કરવાનું હોય છે, અને બીજા ધોરણ પછી ત્રીજું... આમ ધોરણ 10 સુધી વિદ્યાર્થીને કોઈ ચોઈસ મળતી હોતી નથી. ગમતું હોય કે ન ગમતું હોય એક થી દસ ધોરણ ભણવાના નક્કી જ છે, પરંતુ ધોરણ 10 અને 12 પછી વિદ્યાર્થીને વિવિધ ઓપ્શન્સ મળે છે. એટલે કે પોતાને ગમતા કોર્ષ પસંદ કરવાની ફ્રીડમ મળે છે. **આ ફ્રીડમ નો પુરેપૂરો લાભ લઈને વિદ્યાર્થીએ એવો જ કોર્ષ પસંદ કરવો જોઈએ કે જે કોર્ષમાં ભણવાનું વિદ્યાર્થી એન્જોય કરી શકે, જે કોર્ષના વિષયો વિદ્યાર્થીને ગમતા હોય, જે બુક્સ વાંચવાથી વિદ્યાર્થીને કંટાળો ન આવે, જે કોર્ષના લેક્ચર્સ સાંભળવાનો વિદ્યાર્થીમાં ઉત્સાહ હોય અને જે ફિલ્ડમાં જોબ કે બિઝનેસ કરવો એ વિદ્યાર્થીનું ડ્રીમ હોય.**

**હવે જ્યારે વિદ્યાર્થી ધોરણ 10 કે 12 પછી શું કરવું એવી કોઈ પાસે સલાહ માંગે તો બધા એક જ જવાબ આપશે કે, "તમને જેમાં ઇન્ટરેસ્ટ હોય એ લાઇનમાં આગળ વધો" પરંતુ મોટો પ્રશ્ન એ છે કે વિદ્યાર્થીને પોતાને જ ખબર હોતી નથી કે "મને શેમાં ઇન્ટરેસ્ટ છે?"**



દાખલા તરીકે મને પીઝા ખુબ ભાવે એનો અર્થ એ નથી કે મારે શેફ કે કુક બનવું જોઈએ **કારણ કે પીઝા ખાવા અને પીઝા બનાવવા બંને અલગ છે.** આવી જ રીતે મોબાઈલ અને કોમ્પ્યુટરમાં ખુબ ઇન્ટરેસ્ટ હોય એટલે ટેકનોલોજી ફિલ્ડમાં આગળ વધવું એવું જરૂરી નથી કારણકે મોબાઇલમાં ગેમ રમવી અને આ ગેમ્સનું કોડિંગ કરી અને ગેમ્સ બનાવવી એ બંને અલગ છે. મને સારા કપડાં પહેરવા અને ફેશન કરવી ગમે છે એટલે હું ફેશન ડિઝાઇનિંગ કોર્ષ પસંદ કરું એ નિર્ણય યોગ્ય નથી કારણ કે સારા કપડાં પહેરવા અને કપડાં ડિઝાઇન કરવા એ બંને અલગ છે.

આમ, વિદ્યાર્થીને પોતાનો સાચો ઇન્ટરેસ્ટ શું છે? એ ખબર પડે તે માટે આ બુકલેટ વાંચવી જરૂરી છે. **આ બુકલેટમાં ધોરણ 12 પછી રહેલા કરિયર ઓપ્શન્સ સરળ ભાષા માં આપેલ છે, જેનું એનાલિસિસ કર્યા બાદ તમે 100 ટકા તમારા ઇન્ટરેસ્ટ મુજબ જે ધારશો તે બનશો...**

**- વિદ્યા**

# “ધોરણ 12 કોમર્સ અને આર્ટ્સ પછી જે ધારશો તે બનશો”

## – કરિયર ગાઈડન્સ બુકલેટ


**માર્ગદર્શક:**

**ડૉ. એચ. એન. ખેર,**

(પ્રોવોસ્ટ, નોબલ યુનિવર્સિટી, જુનાગઢ)

**સંપાદક:**

**ડૉ. જય તલાટી,**

(રજિસ્ટ્રાર અને ડીન, નોબલ યુનિવર્સિટી, જુનાગઢ)

**લેખક:**

**દ્રષ્ટિ એ. વૈશ્નવ,**

(આસિસ્ટન્ટ પ્રોફેસર, નોબલ યુનિવર્સિટી, જુનાગઢ)



**પ્રકાશક:**

**નોબલ યુનિવર્સિટી, જુનાગઢ, ગુજરાત**



**Note:** No reproduction without permission.

**Disclaimer:** This guide is for reference only. Students should seek parental guidance for career decisions.




# અનુક્રમણિકા


- તમારું પેશન શું છે? તમને શું કરવું ગમે છે? 1
- ધોરણ 12 પછી જે ધારશો તે બનશો 2
- ધોરણ 12 કોમર્સ પછી બેસ્ટ કરિયર ઓપ્શન્સ 2
- ધોરણ 12 આર્ટસ પછી બેસ્ટ કરિયર ઓપ્શન્સ 3
- Honors - ઓનર્સ કોર્ષ એટલે શું? 4
- કોમર્સ ફિલ્ડનો એવરગ્રીન કોર્ષ એટલે B.Com. 5
- કોમર્સ ફિલ્ડનો મોસ્ટ પ્રિમિયમ કોર્ષ – CA 6
- CA કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓ ની ફર્સ્ટ ચોઇસ: CA WITH B.COM (ACCOUNTING & TAXATION) 7
- બિઝનેસ મેનેજમેન્ટ ફિલ્ડનો બેસ્ટ કોર્ષ એટલે BBA 8
- ધોરણ 12 પછી ડાયરેક્ટ MBA કોર્ષમાં પ્રવેશ મળી શકે? હા. 9
- BMS - મેનેજમેન્ટ ફિલ્ડ નો પ્રોફેશનલ કોર્ષ 10
- સ્ટડી સાથે જોબ અપાવતા વોકેશનલ કોર્ષ. સ્ટડી + જોબ = સ્કિલ કોર્ષ 11-12
- **કરિયર રોડમેપ** 13-14
- BCA અને B.Sc. IT – આજના ટેકનોસેવી યુથ માટેના ટ્રેન્ડિંગ કોર્ષ 15
- શું તમારે એર હૉસ્ટેસ બનવું છે? શું તમારે એરપોર્ટ મેનેજર બનવું છે? 16
- શું તમારું ડ્રીમ સરકારી નોકરી મેળવવાનું છે? - BA (With Competitive Exams) 17-18
- B.A. With English – યુનિવર્સલ કરિયર ઓપ્શન 18
- BSW – બેચલર ઓફ સોશિયલ વર્ક, સમાજ સેવા ફિલ્ડનો કોર્ષ 19
- ધોરણ ૧૨ પછી નર્સિંગ ફિલ્ડમાં એન્ટ્રી , GNM & ANM 19
- CS: કોર્પોરેટ-લીગલ ફિલ્ડમાં પ્રોફેશનલ કરિયર 19
- હોટેલ મેનેજમેન્ટ: હોસ્પિટાલિટી અને ફૂડ ટેકનોલોજી ફિલ્ડનું પરફેક્ટ મિક્સ . 20
- ડિજિટલ માર્કેટિંગ કોર્ષ: મોસ્ટ ડિમાન્ડિંગ કરિયર 21
- Study Abroad, વિદેશમાં ભણવાની તક 22
- તત્કાલ જોબ મેળવવાનો સૌથી સરળ રસ્તો, ધો. 12 પછીના સ્કિલ ડેવલોપમેન્ટ કોર્ષ 23
- માસ્ટર કરિયર ટિપ્સ 24
- બેસ્ટ કોલેજની પસંદગી: ધ સિક્રેટ ઓફ સક્સેસ 25
- ડ્રીમ કોલેજ: નોબલ યુનિવર્સિટી 26
- ધોરણ 12 કોમર્સ અને આર્ટસ પછી નોબલ યુનિવર્સિટીના અભ્યાસક્રમો 27-28
- Academic MoUs @ Noble University 29

# કેમ છો, વિદ્યાર્થી મિત્રો.

## હું વિદ્યા, તમારી કરિયર BFF.



મિત્રો, દરેકને મોટા થઈને પોતાનું કરિયર બનાવવાનું હોય છે. કારણ કે, જેટલું સારું આપણું કરિયર હશે એટલું જ સારું આપણું જીવન હશે. તેથી જરૂરી છે કે આપણે આપણા કરિયર સંબંધી નિર્ણય સમજી વિચારીને લઈએ.

અત્યારે તમે જે ફિલ્ડ પસંદ કરશો એ જ ફિલ્ડમાં તમારે લાઈફટાઈમ કામ કરવાનું રહેશે, માટે એવું જ ફિલ્ડ પસંદ કરવું કે જે કામ તમે એન્જોય કરો કારણકે ગમતું કામ કરવામાં ક્યારેય થાક લાગતો નથી.

**દાખલા તરીકે, સચિન તેંડુલકરને ક્રિકેટ રમવામાં ક્યારેય કંટાળો આવતો નથી...કારણકે ક્રિકેટ તેમનું પેશન છે...**

### તો તમારું પેશન શું છે? તમને શું કરવું ગમે છે?

એક એવો કોર્ષ પસંદ કરો કે જે તમને સારુ કરિયર અપાવે, **જે તમારા પેશનને અનુરૂપ હોય અને તમને સારી આવક પણ અપાવે**, અને તેનું ડીસીઝન એ વિદ્યાર્થીઓ માટે ખુબ મુશ્કેલ છે. કારણ કે અત્યારે ગ્રેજ્યુએશન માટે ઘણા વિકલ્પો છે. આમાંથી મારા માટે શું બેસ્ટ છે? તેનો નિર્ણય આપણે અત્યારે જ કરવો પડશે અને આ નિર્ણય લેતા પહેલા નીચેની ત્રણ બાબતો ધ્યાનમાં રાખવી.

1. **તમારો ઈન્ટરેસ્ટ એટલે કે રસ-રુચિ**
2. **તમારી કેપેસીટી એટલે કે આવડત**
3. **ફાઈનાન્શિયલ કન્ડિશન એટલે કે વાલીની આર્થિક પરિસ્થિતી**

ચાલો આ વિશે વિશેષ માહિતી લઈએ.



## એક ખોટી માન્યતા,

**આપણે એવું જ માનીએ છીએ કે, કૉમર્સ પછી માત્ર BCOM, BBA, BCA જેવા કોર્ષ અને આર્ટસ પછી માત્ર BA જ થઈ શકે છે.**

એવું નથી, કોમર્સ નો વિદ્યાર્થી BA પણ પસંદ કરી શકે છે અને આર્ટસ નો વિદ્યાર્થી BBA, BCA જેવા કોર્ષ પણ કરી શકે છે.

**આમ, બધા બધુજ કરી શકે છે !**

## બીજી ખોટી માન્યતા એ પણ છે કે,

**ધોરણ 12 પછી B.COM, BBA, BCA અને BA જેવા કોર્ષ જ થઈ શકે છે,**

**પરંતુ ઘણા અન્ય ટ્રેન્ડિંગ કોર્ષ પણ છે** જેમ કે B.VOC, BMS, B.Sc.IT, BSW, નર્સિંગ, એરપોર્ટ મેનેજમેન્ટ, ડિજિટલ માર્કેટિંગ, હોટેલ મેનેજમેન્ટ વગેરે. **આ તમામ ની માહિતીના અભાવે આપણે આવા લેટેસ્ટ કોર્ષ પસંદ કરી શકતા નથી.**

## ધોરણ 12 કોમર્સ પછી બેસ્ટ કરિયર ઓપ્શન્સ

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) | કંપની સેક્રેટરી (CS) | ઇન્ટિગ્રેટેડ MBA (IMBA) |
બેચલર ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ (BMS) | બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (BBA) |
બેચલર ઓફ કોમર્સ (B.Com.) | બેચલર ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન્સ (BCA) |
બેચલર ઓફ સાયન્સ ઇન આઇ. ટી. (B. Sc. IT) | બેચલર ઓફ વોકેશન (B.Voc.) |
સી. એ. વિથ બી. કોમ. (CA With B.Com.) | સ્કિલ BCA | સ્કિલ BBA | સ્કિલ B.Com. |
હોસ્પિટાલીટી એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટ | એરપોર્ટ મેનેજમેન્ટ | હોટેલ મેનેજમેન્ટ |
ડિજિટલ માર્કેટિંગ | નર્સિંગ કોર્ષ (ANM, GNM) | સર્ટિફાઇડ ફાઇનાન્શિયલ પ્લાનર (CFP) |
કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ (CMA) | એસોસિએશન ઓફ ચાર્ટર્ડ સર્ટિફાઇડ એકાઉન્ટન્ટ્સ (ACCA)

ચાલો, હવે વાત કરીએ આર્ટસ વિશે.

## ધોરણ 12 આર્ટ્સ પછી...

### એક ખોટી માન્યતા,

**"BA કોર્ષ એવા લોકો પસંદ કરે છે જે ભણવામાં નબળા છે અથવા ઓછી મહેનતે પાસ થવા ઈચ્છે છે અને BA કોર્ષ કર્યા પછી સારા કરિયર ઓપ્શન્સ નથી..." પરંતુ વાસ્તવિકતા એ છે કે, ભારતના મોટાભાગના IAS, IPS કે અન્ય સરકારી અધિકારીઓ BA કરીને જ આગળ વધ્યા છે, માટે જો આપનું સ્વપ્ન પણ સરકારી નોકરી મેળવવાનું, IPS કે કલેકટર બનવાનું હોય તો BA કોર્ષ બેસ્ટ કરિયર ઓપ્શન છે.**

ઉપરાંત આર્ટસના ફિલ્ડમાં ગ્રેજ્યુએશન કરીને વકીલ, પ્રોફેસર, ટીચર, સમાજસેવક, પત્રકાર, લેખક, કાઉન્સેલર, મનોવૈજ્ઞાનિક, સંગીતકાર , એક્ટર, આર્ટિસ્ટ વગેરે પણ બની શકાય છે .

અત્યાર ના સમય માં મેડિકલ, ટીચિંગ અને કોર્પોરેટ ફિલ્ડમાં પણ એક કાઉન્સેલરની નિમણૂક કરવામાં આવે છે, BA (સાયકોલોજી) કરી કાઉન્સેલર બનીને પણ પ્રોફેશનલ કરિયર બનાવી શકાય છે. શિક્ષણ ક્ષેત્રે B.A., M.A. , B.Ed. જેવા વિષયોમાં એક્સપર્ટ થઈને ટીચિંગ ફિલ્ડમાં પણ કરિયર બની શકે છે, B.A. (English) કરીને પણ સારામાં સારું કરિયર બનાવી શકાય છે.



**જો આપનું ડ્રીમ સરકારી નોકરી મેળવવાનું હોય તો, ગ્રેજ્યુએશનની સાથે જ સરકારી પરીક્ષાની તૈયારી** કરાવતો સ્પેશિયલ કોર્ષ BA (With Competitive Exams) આપના માટે બેસ્ટ ઓપ્શન છે. આ કોર્ષ ગુજરાત માં એકમાત્ર નોબલ યુનિવર્સિટી, જુનાગઢ માં ચાલે છે. જેની માહિતી આ બુકલેટ માં આગળ આપેલ છે.

**આમ આર્ટ્સ એ તો યુનિવર્સલ સ્ટ્રીમ છે જ્યાં તમને તમારા રસ અને રુચિ મુજબ બેસ્ટ કરિયર બનાવવાની તક મળે છે.**


## ધોરણ 12 આર્ટ્સ પછી ના બેસ્ટ કરિયર ઓપ્શન્સ:

બી. એ. વિથ કોમ્પિટીટીવ એક્ઝામ્સ - BA (With Competitive Exams) | બેચલર ઓફ આર્ટસ વિથ ઇંગ્લિશ - BA (English) | બેચલર ઓફ સોશિયલ વર્ક (BSW) | બેચલર ઓફ વોકેશન (B.VOC) | હોટેલ મેનેજમેન્ટ | એરપોર્ટ મેનજમેન્ટ | નર્સિંગ કોર્ષ (ANM, GNM) | બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (BBA) | બેચલર ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન (BCA) | સ્કિલ BCA | સ્કિલ BBA | બેચલર ઓફ આર્ટસ વિથ સાયકોલોજી - BA (Psychology) | બેચલર ઓફ આર્ટસ વિથ સોશિયોલોજી - BA (Sociology) | બેચલર ઓફ આર્ટસ વિથ ગુજરાતી - BA (Gujarati) | બેચલર ઓફ આર્ટસ વિથ હિન્દી - BA (Hindi) | બેચલર ઓફ આર્ટસ અને બેચલર ઓફ લેજિસ્લેટિવ લૉ (BA LLB) | બેચલર ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન (BJMC) | બેચલર ઓફ એલિમેન્ટ્રી એજ્યુકેશન (B.El.Ed.) | બેચલર ઓફ ફાઈન આર્ટસ (BFA) | ઇન્ટિગ્રેટેડ MBA (IMBA) વગેરે.

## Honors - ઓનર્સ કોર્ષ એટલે શું?

### NEP-2020 એટલે કે નેશનલ એજ્યુકેશન પોલીસી મુજબ..

- જો તમે કોઈપણ ગ્રેજ્યુએશન કોર્ષમાં એક વર્ષ પુર્ણ કરશો તો સર્ટિફિકેટ કોર્ષ ગણાશે,
- જો બે વર્ષ પુર્ણ થયા હશે તો એડવાન્સ ડિપ્લોમા,
- અને ત્રણ વર્ષ પુર્ણ કર્યા પછી ગ્રેજ્યુએશન ડિગ્રી મળે છે,
- જો વિદ્યાર્થી ચોથું વર્ષ કરે છે (જે ફરજિયાત નથી) તો ડિગ્રી વિથ ઓનર્સ અથવા ડિગ્રી વિથ રીસર્ચ મળશે.
- અને ત્યાર બાદ જો પાંચમું વર્ષ કરે તો માસ્ટર ડિગ્રી મળતી હોય છે.
- આમ, 4 + 1 અથવા 3 + 2, માસ્ટર ડિગ્રી માટે 5 વર્ષ જ લાગે છે.





ચાલો, હવે કોમર્સ અને આર્ટસ પછીના મુખ્ય કોર્ષ વિષે વિગતવાર માહિતી લઈએ.

# B.Com. – BACHELOR OF COMMERCE

## કોમર્સ ફિલ્ડનો એવરગ્રીન કોર્ષ એટલે B.Com.

**જે વિદ્યાર્થીઓને એકાઉન્ટન્સી, સ્ટેટેસ્ટિક્સ, ટેક્સેશન, જેવા પ્રેક્ટીકલ વિષયો ગમે છે તેઓ B.Com કોર્ષ પસંદ કરી શકે છે.** B. Com એ અન્ય કોર્ષની સરખામણીમાં સરળ અને ઓછું ખર્ચાળ છે. B. Com. પછી એકાઉન્ટિંગ, બેંકિંગ, ઓડિટ, ફાઈનાન્સ, લીગલ વગેરે ક્ષેત્રમાં સારી નોકરીની તકો મળી રહેશે.

B.Com. કર્યા પછી M.COM., MBA, MCA કે PGDBMમાં માસ્ટર ડિગ્રી કરી શકાય છે. તેમજ B.Com. કર્યા પછી “લો” એટલે કે LLB. અને B.Ed. પણ સારા ઓપ્શન્સ છે.



---

**જો તમારે CA કે CS કરવું છે તો સાથે ગ્રેજ્યુએશન ડિગ્રી કરવી પણ જરુરી છે, કારણકે CA કે CS પ્રોફેશનલ કોર્ષ છે; એ કોઈ ગ્રેજ્યુએશન ડિગ્રી નથી.**

**CA કે CS સાથે જો કોઈ બેસ્ટ-ફિટ હોય તો એ B. Com. કોર્ષ છે. કેમકે બંને એકાઉન્ટ, કોમર્સ અને લો સાથે જોડાયેલા વિષયો છે.**

બેન્કિંગ ક્ષેત્રમાં મેનેજર તરીકે, એકાઉન્ટન્ટ તરીકે કે પછી કોર્પોરેટ વર્લ્ડમાં જોબ મેળવવી હોય તો B.Com. બેસ્ટ ઓપ્શન છે. વળી બીજી બાજુ સરકારી પરીક્ષા ની તૈયારી માટે પણ B.Com. મદદરૂપ થશે.

હવે તો B.Com. કોર્ષની સાથે સ્પેશિયલાઈઝેશન્સ પણ કરી શકાય છે, જેમ કે

**B. Com. (માર્કેટિંગ) | B. Com. (ટેક્સેશન) | B. Com. (એકાઉન્ટીંગ)**
**B. Com. (આઈ. ટી) | B.Com. (બિઝનેસ એનાલીટીક્સ) | B.Com. (ડિજિટલ માર્કેટિંગ)**

આવા સ્પેશિયલાઇઝડ કોર્ષ કરવાથી જોબ મળવાના ચાન્સ ઘણા વધી જતાં હોય છે.

**જુનાગઢની નોબલ યુનિવર્સિટીમાં પ્લેસમેન્ટની ખાતરી સાથે B.Com. કોર્ષ ચાલે છે. જેમાં કેમ્પસમાં જ હોસ્ટેલ સુવિધા પણ ઉપલબ્ધ છે.**

# CA – CHARTERED ACCOUNTANT

## કોમર્સ ફિલ્ડ નો મોસ્ટ પ્રિમિયમ કોર્ષ

CA (Chartered Accountant) એ કોમર્સ ફિલ્ડનો ખૂબ જ પ્રતિષ્ઠિત કોર્ષ છે, ડૉક્ટર, એન્જિનિયર વગેરેની જેમ CA પણ સમાજમાં એક રીસપેક્ટફૂલ પ્રોફેશન ગણવામાં આવે છે. **CA એ હંમેશા હાઈ-પેઇંગ પ્રોફેશન રહ્યું છે. કોર્પોરેટમાં એક સારા CAની માંગ ક્યારેય ઘટતી નથી!** CA પુર્ણ કર્યા પછી, તમારે મલ્ટીનેશનલ કંપનીઓ (MNCs), બેન્કમાં જોબ કે પ્રાઈવેટ પ્રેક્ટિસ જેવા ઘણા વિકલ્પો મળે છે. CA કોર્ષ ICAI (ઈનસ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટ ઓફ ઈન્ડિયા) દ્વારા નિયંત્રિત થાય છે.

### ધોરણ 12 પછી CA કુલ 3.5 વર્ષ નો કોર્ષ છે,

CA ફાઉન્ડેશન: 6 મહિના (4 પેપર) | CA ઈન્ટરમીડીએટ: 1 વર્ષ (6 પેપર) | CA ફાઇનલ: 2 વર્ષ (6 પેપર)



CA કર્યા બાદ ભારત અને વિદેશ બંનેમાં હંમેશા ઉચ્ચ પગાર મળે છે. **CA ની પરીક્ષાઓ પ્રમાણમાં અઘરી હોય છે પરંતુ હવે CA ની પરીક્ષામાં પાસ થવાનો દર વધીને 30% થી 35% થઈ ગયો છે.** આ કોર્ષમાં ફાઇનાન્શિયલ મેનેજમેન્ટ, એકાઉન્ટિંગ, લૉ, ટેક્સ, ઓડિટ અને મેનેજમેન્ટ જેવા વિવિધ વિષયો આવરી લેવામાં આવે છે. **GST આવ્યા બાદ CA કોર્ષ ની માંગ વધી ગઈ છે, અત્યારે વિદેશી કંપનીઓ પણ ભારતમાંથી CA ને લગતા વર્કનું આઉટસોર્સ કરે છે.**

### CA કરવાના ફાયદા:

**ઉત્તમ પગાર** – CA કર્યા પછી ખૂબ સારા પગાર મળે છે, ખાસ કરીને મોટા કોર્પોરેટ્સ અને MNCs માં.

**ઉચ્ચ માન-સન્માન** – CA એક અત્યંત પ્રતિષ્ઠિત ડિગ્રીછે, જેની સમાજમાં સારી નામના છે.

**સરકારી અને ખાનગી ક્ષેત્રમાં તકો** – બેન્ક, કંપનીઓ, ટેક્સ વિભાગ, અને ખાનગી પ્રેક્ટિસમાં CA ની ભરપુર માંગ છે.

**વિદેશમાં પણ તકો** – CA કર્યા પછી CPA (USA) અને ACCA (UK) જેવા આંતરરાષ્ટ્રીય કોર્ષ માટે પણ માર્ગ ખુલ્લો રહે છે.

**પ્રાઈવેટ પ્રેક્ટિસ** – CA બનીને પોતાની ઓફિસ શરૂ કરી શકાય અને વ્યક્તિગત ક્લાઈન્ટ માટે કામ કરી શકાય.

જો વિદ્યાર્થી CA ફાઇનલ પાસ ન કરી શકે તો પણ, ICAI દ્વારા એકાઉન્ટીન્ગ ટેકનિશયન્સની ડિગ્રી મેળવી શકે છે, જેથી તે ઈન્કમટેક્સ, GST,એકાઉન્ટીન્ગ, ઓડિટ, વગેરે ફિલ્ડમાં આગળ વધી શકે છે, તેમજ કોર્પોરેટમાં પણ જોબ મળવાના ચાન્સ રહે છે. ઉપરાંત માત્ર ઇન્ટર CA કે આર્ટીકલશીપ પુર્ણ કરીને પણ બેન્કિંગ, ફાઇનાન્સ ક્ષેત્રે બેસ્ટ જોબ મળી રહે છે.

**જુનાગઢની નોબલ યુનિવર્સિટીમાં CA કોર્ષ ચાલે છે. જેમાં કેમ્પસમાં જ હોસ્ટેલ સુવિધા પણ ઉપલબ્ધ છે.**

## CA With B.Com. (Accounting & Taxation)


### CA કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓની ફર્સ્ટ ચોઇસ

CA ભણતા વિદ્યાર્થીઓ માટે સમયનું ખુબ જ મહત્વ હોય છે. પરંતુ સાથે B.Com. પણ કરવું ફરજિયાત છે **કારણકે CA એક પ્રોફેશનલ કોર્ષ છે, ગ્રેજ્યુએશન પ્રોગ્રામ નથી.**

---

**પરંતુ B.Com. ના લેકચર, એક્ઝામ, ક્લાસિસ અને ઇન્ટર્નલ માર્કસના ટેન્શનને કારણે વિદ્યાર્થી CA ના સ્ટડીમાં પુરતું ધ્યાન આપી શકતા નથી. વળી, CA અને B.Com.ના વિષયો અલગ હોવાના કારણે B.Com ની પરીક્ષાની પણ તૈયારી અલગથી કરવી પડે છે. આમ, CA માટેનો સમય અને શક્તિ B.Com પાછળ ખર્ચાય જાય છે. પરિણામે ઘણા વિદ્યાર્થીઓ CA ની પરીક્ષા માં સફળતા મેળવી શકતા નથી.**

આ સમસ્યાનું સમાધાન એટલે, **CA with B.Com. (Accounting & Taxation)**



**CA સાથે વિદ્યાર્થીઓએ એવી કૉલેજ પસંદ કરવી જોઈએ કે જ્યાં CA અને B.Com. બંનેની તૈયારી એક જ કેમ્પસમાં થઈ શકે,** જેથી વિદ્યાર્થીઓનો સમય બચે છે. વળી CA with B.Com કોર્ષ ની પસંદગી પણ એ રીતે થવી જોઈએ કે જે યુનિવર્સિટીમાં CA અને B.Com બંનેના સબ્જેક્ટ્સ અને સિલેબસ રિલેટેડ હોય જેથી સ્ટડી માં પણ સરળતા રહે છે અને એક સાથે બંને કોર્ષની તૈયારી કરી શકાય છે.

**જુનાગઢની નોબલ યુનિવર્સિટીમાં સ્પેશિયલ CA with B.Com. (Accounting & Taxation)નો કોર્ષ ઉપલબ્ધ છે, જે ખાસ CA કરતા વિદ્યાર્થીઓ માટે તૈયાર કરવામાં આવેલ છે, જેમાં CAના વિદ્યાર્થીઓ માટે એકજ કેમ્પસમા હોસ્ટેલ અને કોલેજ આવેલા છે જ્યાં CA અને B.Com બંને એકજ જગ્યાએ ભણી શકાય છે.**

અહીં ભારતની નંબર-1 CA કોચિંગ સંસ્થા **JK Shah Classes** દ્વારા CAનું કોચિંગ આપવામાં આવે છે અને સાથે B.Com ની તૈયારી પણ થાય છે.

માટે, જો તમારે CA કરવું છે તો CA with B.Com (Accounting & Taxation ) કોર્ષ બેસ્ટ ઓપ્શન છે.

**CA સાથે B.Com. ગ્રેજ્યુએશન જ કેમ..???** તેનો જવાબ એક લાઇનમાં આપીએ તો B.Com પણ એકાઉન્ટિંગ અને ફાઇનાન્સ સાથે સંકળાયેલ છે જ્યારે CA પણ આ જ ફિલ્ડ નો એડવાન્સ અને પ્રોફેશનલ કોર્ષ છે માટે જ CA with B.Com. કોર્ષ એક તીર માં બે નિશાન તાકવા બરોબર છે. આમ, તે CA કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓની ફર્સ્ટ ચોઇસ હોય છે.

## BBA – BACHELOR OF BUSINESS ADMINISTRATION

### બિઝનેસ મેનેજમેન્ટ ફિલ્ડ નો બેસ્ટ કોર્ષ એટલે BBA

**જો તમે પોતાનો ફેમિલી બિઝનેસ આગળ વધારવા માંગો છો, કોર્પોરેટ અને MNC માં સારા પેકેજ સાથે જોબ કરવાની ઈચ્છા ધરાવો છો , અથવા પોતાનું સ્ટાર્ટઅપ શરૂ કરવા ઈચ્છો છો , તો BBA કોર્ષ બેસ્ટ ચોઈસ છે.** BBA એ બિઝનેસ મેનેજમેન્ટનો કોર્ષ છે, જેમાં બિઝનેસ, માર્કેટિંગ, ફાઇનાન્સ, હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ, ડિજિટલ માર્કેટિંગ, એકાઉન્ટિંગ, ઈવેન્ટ મેનેજમેન્ટ, ઈમ્પોર્ટ-એક્સપોર્ટ, ઇન્ટરનેશનલ બિઝનેસ, સ્ટેટિસ્ટિક્સ, ઓફિસ ઓટોમેશન, બિઝનેસ એથિક્સ વગેરે વિષયો નો સમાવેશ થાય છે. **BBA એ MBA નો બેઝ છે.**

BBA કોર્ષ માં પ્રેક્ટિકલ નોલેજ નું વિશેષ મહત્વ હોય છે એટલા માટે અભ્યાસક્રમ દરમિયાન ઈન્ટર્નશીપ, ઓન-ધ-જોબ ટ્રેનિંગ, પ્રોજેક્ટ વર્ક, કેસ સ્ટડી, ઇન્ડસ્ટ્રી એનાલિસિસ, પ્રેઝન્ટેશન, એકેડેમિક ટૂર અને ઇન્ડસ્ટ્રી વિઝિટ વગેરે કરાવવામાં આવે છે. જેનાથી જોબ મળવાના ચાન્સ ઘણા વધી જાય છે.

---


હવે BBA વિવિધ સ્પેશિયલાઈઝેશન સાથે પણ ઉપલબ્ધ છે, જેમ કે:

BBA in International Business | BBA in IT | BBA with Digital Marketing

BBA with Human Resource Management | BBA in Event Management

BBA in Family Business Management | BBA in Import - Export

BBA with Finance | BBA with Business Analytics | BBA with Marketing



આમ જો તમને લીડરશીપ અને મેનેજમેન્ટ સ્કિલ્સમાં રસ છે તો BBA બેસ્ટ વિકલ્પ છે, BBA માં તમે મેનેજમેન્ટના ફંડા શીખો છો જે તમને સારું કરિયર અપાવશે..

**જો તમારે ટેકનોલોજી અને બિઝનેસ બંનેનું કોમ્બિનેશન જોઈએ છે તો આઈ. ટી. ક્ષેત્રે ટ્રેન્ડિંગ કોર્ષ કરી શકો છો જેવા કે ..**

BBA In Data Science | BBA in Information Technology

BBA in Artificial Intelligence | BBA in Digital Marketing | BBA in FinTech

**જુનાગઢની નોબલ યુનિવર્સિટીમાં પ્લેસમેન્ટની ખાતરી સાથે BBA કોર્ષ ચાલે છે. જેમાં કેમ્પસમાં જ હોસ્ટેલ સુવિધા પણ ઉપલબ્ધ છે.**


## IMBA (INTEGRATED MBA)

## ધોરણ 12 પછી ડાયરેક્ટ MBA કોર્ષમાં પ્રવેશ મળી શકે? (BBA + MBA = IMBA)

આ કોર્ષ વિશે ખૂબ ઓછા વિદ્યાર્થીઓ જાણે છે.

IMBA એ ધોરણ 12 કોમર્સ, સાયન્સ અને આર્ટસ પછીનો **પાંચ વર્ષનો ઇન્ટિગ્રેટેડ કોર્ષ** છે જેમાં પ્રથમ 3 વર્ષ પુર્ણ કરવાથી BBA અને પછીના 2 વર્ષ પુર્ણ કર્યા બાદ MBA ની ડિગ્રીમળે છે.

પ્રથમ ત્રણ વર્ષ પૂરા કરીને પણ વિદ્યાર્થી BBA ની ડિગ્રીલઈને આ કોર્ષ છોડી શકે છે અને અન્ય યુનિર્વિસિટીઓ માં MBA, MCA, PGDBM જેવા અભ્યાસક્રમો માં જોડાઈ શકે છે. આ કોર્ષ ની વિશેષતા એ છે કે ગ્રેજ્યુએશન કર્યા પછી માસ્ટર ડિગ્રીમાં એડમિશન માટે CAT, CMAT જેવી કોઈ પ્રકારની એન્ટ્રન્સ એક્ઝામ આપવી પડતી નથી અને **વિદ્યાર્થીને સીધો જ માસ્ટર ડિગ્રી માં પ્રવેશ મળે છે.**



ઘણી વખત ગ્રેજ્યુએશન માં સારું રિઝલ્ટ હોય પણ આ પ્રકાર ની એન્ટ્રન્સ એક્ઝામ માં સારો સ્કોર ન આવતા વિદ્યાર્થીઓને માસ્ટર ડિગ્રી માં પ્રવેશ માટે મુશ્કેલી પડતી હોય છે, જે IMBA કોર્ષ થી સોલ્વ થઈ શકે છે.

આ કોર્ષના સિલેબસ અન્ય ગ્રેજ્યુએશન પ્રોગ્રામ ની સરખામણીમાં એડવાન્સ હોય છે. આ કોર્ષ AICTE અને UGC માન્ય ૫ વર્ષ નો માસ્ટર ડિગ્રી પ્રોગ્રામ છે. અહીં પ્રથમ ત્રણ વર્ષમાં ક્લાસરૂમ સ્ટડીઝ હોય છે અને છેલ્લા 2 વર્ષમાં વિદ્યાર્થીઓ એ પ્રેક્ટિકલ નોલેજ મેળવવા નું હોય છે એટલે કે ઇન્ટર્નશીપ, ઓન ધ જોબ ટ્રેનિંગ, પ્રોજેક્ટ, કેસ સ્ટડી, પ્રેઝન્ટેશન, ઇન્ડસ્ટ્રી વિઝીટ વગેરે.

**જેથી અન્ય વિદ્યાર્થીઓ જ્યારે માસ્ટર ડિગ્રી પુર્ણ કરી કોર્પોરેટ વર્લ્ડમાં ફ્રેશર તરીકે પ્રવેશે છે ત્યારે IMBA કરેલ વિદ્યાર્થીઓ 2 વર્ષ ના અનુભવ સાથે કરિયર ની શરૂઆત કરે છે. જેથી IMBA કરેલ વિદ્યાર્થીઓ અન્ય વિદ્યાર્થીઓ કરતા અનુભવ, નૉલેજ અને સ્કિલ ની દ્રષ્ટિ એ આગળ હોય છે,** આમ જોબમાં ઘણા ફાયદા મળે છે.

ભારતની IIM ઇન્દોર, નિરમા યુનિવર્સિટી, PDEU અને અન્ય નામાંકિત યુનિવર્સિટીઓમાં IMBA કોર્ષ વર્ષો થી ચાલે છે. **જુનાગઢ ની નોબલ યુનિવર્સિટીમાં પ્લેસમેન્ટની ખાતરી સાથે ફક્ત 60 સીટ્સ પર IMBA કોર્ષ માટે મેરીટ ને આધારે એડમિશન આપવામાં આવે છે. આમ, IMBA એ ધોરણ 12 માં સારા માર્કસ મેળવેલ વિદ્યાર્થીઓ માટે એડવાન્સ કરિયર ઓપ્શન છે.**

# BMS (Bachelor of Management Studies)

## BMS - મેનેજમેન્ટ ફિલ્ડ નો પ્રોફેશનલ કોર્ષ

BMS એ BBAની જેમજ ત્રણ વર્ષનો બિઝનેસ મેનેજમેન્ટ ફિલ્ડ નો પ્રોફેશનલ કોર્ષ છે, જેમાં માર્કેટિંગ, ફાઇનાન્સ, હ્યૂમન રીસોર્સ, એકાઉન્ટીન્ગ, ટેક્સ વગેરે જેવા વિષયોમાં સ્પેશિયલાઇઝેશન્સ થઈ શકે છે, **આ કોર્ષના સિલેબસ ઇન્ડસ્ટ્રીની ડિમાન્ડ મુજબ તૈયાર કરવામાં આવ્યા હોય છે, આમ કોર્પોરેટ ની જરૂરિયાત મુજબના સિલેબસ હોવાથી પ્લેસમેન્ટની શક્યતાઓ ખૂબ વધારે રહે છે.** આ કોર્ષમાં રેગ્યુલર સ્ટડીની સાથે **પ્રોફેશનલ ટ્રેનિંગ** આપવામાં આવે છે જેવી કે,




BMS મેનેજમેન્ટ ફંડા શીખવે છે, જે કોર્પોરેટ માં બેસ્ટ કરિયર બનાવવામાં મદદરૂપ થશે. BMS કોર્ષ કર્યા બાદ વિદ્યાર્થી ટેક્સ કન્સલ્ટન્સી , બેન્કિંગ, કોર્પોરેટ માં ખૂબ સારા પેકેજ સાથે જોબ મેળવી શકે છે.

BMS પછી MBA, MMS, M.Com., PGDBM માં માસ્ટર કરી શકાય છે.

મુંબઈની ખ્યાતનામ યુનિવર્સિટી જેવી કે, મુંબઇ યુનિવર્સિટી, નરસિંહ મોનજી ઇન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ (NMIMS) વગેરે માં આ કોર્ષ વર્ષોથી ચાલે છે અને **BMS એ મુંબઈ ના વિદ્યાર્થીઓનો ફેવરિટ કોર્ષ છે.** **આ કોર્ષ ગુજરાતમાં એકમાત્ર નોબલ યુનિવર્સિટી, જૂનાગઢમાં ચાલે છે. જે પ્લેસમેન્ટ એશ્યોરન્સ અને હોસ્ટેલ સુવિધા સાથે બેસ્ટ કરિયર ઓપ્શન બની શકે છે.**

# સ્કિલ કોર્ષ શું છે?

## સ્ટડી + જોબ = સ્કિલ કોર્ષ

## સ્ટડી સાથે જોબ અપાવતા વોકેશનલ કોર્ષ.

સ્કિલ કોર્ષને Industry Embedded Course પણ કહેવાય છે. **સ્કિલ કોર્ષ એટલે કોલેજ ના 3 વર્ષ દરમિયાન, પહેલા વર્ષથી જ સ્ટડી સાથે જોબ (ઇન્ટર્નશીપ) કરવાની હોય છે.** આ પ્રકારના કોર્ષમાં 60% પ્રેક્ટીકલ એટલે કે ઑન ધ જોબ ટ્રેનિંગ/ ઇન્ટર્નશીપ અને 40% થીયરી ભણવાની હોય છે.



આ કોર્ષ ને વોકેશનલ કોર્ષ પણ કહેવાય છે. અહીં વિદ્યાર્થીઓને સવારે માત્ર 2 કલાક ક્લાસરૂમ સ્ટડીઝ હોય છે અને બાકીના કલાક ઑન ધ જોબ ટ્રેનિંગ મેળવવાની હોય છે, જેમાં વિદ્યાર્થીઓ સેલેરી (સ્ટાઇપેન્ડ) પણ મેળવે છે. આમ, ધોરણ 12 પછી સ્ટડીની સાથે જ જોબ (ઇન્ટર્નશીપ) અપાવતા આ કોર્ષ વિદ્યાર્થીઓને પ્રેક્ટીકલ નોલેજ તેમજ સ્કિલ શીખવામાં મદદરૂપ થાય છે.

---

**આપણે સાંભળીએ છીએ કે વિદ્યાર્થીઓ વિદેશમાં સ્ટડી સાથે જોબ કરીને પોતાનો ખર્ચ જાતે જ ઉઠાવતા હોય છે, તો અહીં એ શક્ય છે. આમ, "Earn While You Learn" પોસિબલ છે**, અને આ જોબ / ઇન્ટર્નશીપ માટે નું પ્લેસમેન્ટ પહેલા જ વર્ષથી કોલેજ દ્વારા જ કરાવી આપવામાં આવે છે.

### સ્કિલ કોર્ષ ના ફાયદાઓ:

- સ્કિલ કોર્ષમાં વિદ્યાર્થીઓને સ્ટડી ની સાથે સાથે જ જોબ (ઇન્ટર્નશીપ) મળે છે, જેથી ધોરણ 12 પછી વિદ્યાર્થી જાતે જ કમાઈ શકે છે.
- અન્ય ગ્રેજ્યુએશન કોર્ષમાં સ્ટડી પુર્ણ થયા પછી જોબ મળતી હોય છે, જ્યારે સ્કિલ કોર્ષ માં સ્ટડી સાથે જ જોબ (ઇન્ટર્નશીપ) મળી જતી હોવાથી વિદ્યાર્થીઓને 3 વર્ષ નો જોબ નો અનુભવ પણ મળે છે. **ત્રણ વર્ષનો નોકરીનો અનુભવ મેળવ્યો હોય તો ભવિષ્યમાં નોકરી માં હાઈ પેકેજ ઓફર મેળવવી મુશ્કેલ નથી.**
- પ્રેક્ટિકલ એક્સપિરિયન્સ મળે છે, એટલે વિદ્યાર્થી કોલેજના 3 વર્ષ દરમ્યાન જ બિઝનેસ એક્ઝિક્યુટીવ જેવી પર્સનાલિટી અને એટીટ્યુડ બનાવી શકે છે. આમ, ઘણા ફાયદાઓ છે.

ચાલો આ સ્કિલ કોર્ષ વિષે વિગતવાર માહિતી લઈએ.

## ટ્રેન્ડિંગ સ્કિલ કોર્ષ:

## B.Voc. | Skill B.Com. | Skill BBA | Skill BCA

### 1) B.VOC. (બેચલર ઓફ વોકેશન):

આ કોર્ષ 3 વર્ષનો ગ્રેજ્યુએશન સ્કિલ કોર્ષ છે. B. Com, BBA ની જેમ B.Voc. પણ UGC માન્ય ગ્રેજ્યુએશન ડિગ્રી છે. B.Voc. એ જર્મનીની ડ્યુઅલ વેટ એજ્યુકેશન સિસ્ટમ આધારીત વોકેશનલ કોર્ષ છે. જેમાં મેનેજમેન્ટ અને આંત્રપ્રિનિયોરશીપ , બેન્કિંગ અને ફાઈનાન્સ, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, ડિજિટલ માર્કેટિંગ, હેલ્થ કેર જેવા ફિલ્ડમાં સ્પેશિયલાઈઝેશન્સ થઈ શકે છે.

---

### 2) SKILL B.COM:

- B.Com. ની ડિગ્રી ની સાથે જોબ (ઇન્ટર્નશીપ) નો એકપિરિયન્સ મળે છે.
- જેમાં એકાઉન્ટ, ઓડિટ, ટેક્સ, મેનજમેન્ટ, હ્યુમન રીસોર્સ જેવા વિષયો ભણવાના હોય છે, સાથે કોર્પોરેટ માં એટલે કે બેન્ક, ફાઇનૅન્શિયલ ઇન્સ્ટીટ્યૂટ, NBFCs માં જોબ/ઇન્ટર્નશીપ કરવાની હોય છે.

---

### 3) SKILL BBA:

Skill BBA કોર્ષ 3 વર્ષ નો ગ્રેજ્યુએશન સ્કિલ પ્રોગ્રામ છે, જેમાં બિઝનેસ એડમિનિસ્ટ્રેશન અને મેનેજમેન્ટ ફંડા શીખવાની સાથે કોર્પોરેટ માં જોબ/ઇન્ટર્નશીપ કરવાની હોય છે.

---

### 4) SKILL BCA:

Skill BCA કોર્ષમાં આઈ. ટી., સોફ્ટવેર ડેવલપમેન્ટ, ડેટા સાઇન્સ, આર્ટિફિશ્યલ ઇન્ટેલીજન્સ, જેવા વિષયો શીખવાના હોય છે, અને સાથે જ આઈ. ટી. સેક્ટર માં જોબ/ઇન્ટર્નશીપ કરી સ્ટાઇપેન્ડ (સેલેરી) પણ મેળવી શકાય છે.

---

આમ, NEP 2020 અંતર્ગત આવા વોકેશનલ કોર્ષ એટલે કે સ્કિલ કોર્ષ એકદમ ટ્રેન્ડિંગ છે. ડિપ્લોમા ઈન વોકેશન (D.Voc.) પુર્ણ કરેલ કોઈ પણ વિદ્યાર્થી સ્કિલ કોર્ષમાં ડાયરેક્ટ બીજા વર્ષ થી એડમિશન લઈ શકે છે, અને ગ્રેજ્યુએશન ડિગ્રી ની સાથે અર્નિંગ મેળવી શકે છે.


**જુનાગઢ ની નોબલ યુનિવર્સિટીમાં અમદાવાદના દ્રોણા એજ્યુકેશન ફાઉન્ડેશન (સ્કિલ કોલેજ) ના સહયોગથી સ્કિલ કોર્ષ શીખવવામાં આવે છે જેવા કે, B.Voc, Skill BBA, Skill BCA, Skill B.Com., જે તમારા માટે બેસ્ટ કરિયર ઓપ્શન બની શકે છે.**

noble® UNIVERSITY

# CAREER ROADMAP

કોઈપણ કોર્ષ અંગેની વધુ માહિતી
**ફોન, વિડિયોકોલ અથવા રૂબરૂ**
**કાઉન્સેલીંગ દ્વારા** મેળવી શકાય છે.

**એડમિશન હેલ્પલાઈન:**
**98242 99961**



## BCA – BACHELOR OF COMPUTER APPLICATIONS

## B.Sc. IT: BACHELOR OF SCIENCE IN IT

### BCA અને B.Sc. IT – આજના ટેકનોસેવી યુથ માટેના ટ્રેન્ડિંગ કોર્ષ: આઇ.ટી. ફિલ્ડમાં બેસ્ટ કરિયર :

**હાલનો યુગ ડિજિટલ યુગ છે, વર્તમાન અને ભવિષ્યમાં કોમ્પ્યુટર અને આઇ. ટી. ક્ષેત્રે Google, Meta, TCS, IBM, Microsoft વગેરે જેવી કંપનીઓમાં આઇ. ટી. પ્રોફેશનલ્સ ની હંમેશા માંગ રહેશે.** આઇ. ટી ફિલ્ડમાં કરિયર બનાવવા માટે BCA અને B.Sc. IT બેસ્ટ કરિયર ઓપ્શન્સ કહી શકાય. આ કોર્ષ માં હવે Emerging Technologies માં ટ્રેન્ડિંગ સ્પેશિયલાઈઝેશન્સ પણ થાય છે જે હાઇ પેકેજ જોબ મેળવવાના ચાન્સ વધારી દે છે. જેવા કે,

BCA In Cyber Security | B.Sc. IT in AI & Machine Learning
B.Sc. IT in IMS & Cyber Security | B.Sc. IT in Cloud & App Development



BCA & BSC IT ઉપરાંત આઈ. ટી. ફિલ્ડ માં બીજા કોર્ષ પણ બેસ્ટ કરિયર ઓપ્શન્સ છે. જેવા કે,

Skill BCA | B.Voc in IT | B.Voc. in Digital Marketing
BBA In IT | BBA in Digital Marketing
BBA in Data Science | BBA in Business Analytics

હવે તો ૫ વર્ષ નો માસ્ટર ડિગ્રી અપાવતો **IMCA (BCA + MCA)** પણ થઈ શકે છે. IMCA પણ IMBA ની જેમજ પાંચ વર્ષનો ઇન્ટિગ્રેટેડ કોર્ષ છે, જેમાં પહેલા ત્રણ વર્ષ પુર્ણ કરવાથી BCAની ડિગ્રી મળે છે અને બીજા બે વર્ષ પુર્ણ કર્યા બાદ MCA ની ડિગ્રી મળે છે.

આમ, જો તમારું લક્ષ્ય IT કંપનીમાં ડેવલપર, ડેટા એનાલિસ્ટ, સોફ્ટવેર એન્જિનિયર કે સાયબર સિક્યુરિટી એક્સપર્ટ બનવાનું હોય તો આવા આઈ. ટી કોર્ષ  મદદરૂપ થશે.

### આઇ. ટી. ફિલ્ડના મુખ્ય વિષયો:

પ્રોગ્રામિંગ ભાષાઓ (Java, Python, C++, વગેરે) | ડેટાબેઝ મેનેજમેન્ટ સિસ્ટમ (DBMS) | વેબ ડેવલપમેન્ટ
નેટવર્કિંગ અને સાયબર સિક્યુરિટી | આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ક્લાઉડ ટેક્નોલોજી વગેરે

**જૂનાગઢની નોબલ યુનિવર્સિટીમાં પ્લેસમેન્ટ એશ્યોરન્સ સાથે આઇ.ટી. ફિલ્ડના તમામ કોર્ષ થાય છે, જ્યાં કેમ્પસમાં જ હોસ્ટેલ સુવિધા ઉપ્લબ્ધ છે, જે આજના ટેકનોસેવી યંગસ્ટર્સની ફર્સ્ટ ચોઇસ બની શકે છે.**

## એર હોસ્ટેસ – ગર્લ્સ માટે એક ડ્રીમ જૉબ !

**શું તમારે એર હૉસ્ટેસ બનવું છે? શું તમારે એરપોર્ટ મેનેજર બનવું છે?**

### એવિએશન મેનેજમેન્ટ- એક હાઈ પેઈંગ અને એલિગન્ટ કરિયર:

જો તમારું સ્વપ્ન છે દુનિયા જોવાનું, એર હૉસ્ટેસ, ફ્લાઇટ એટેન્ડેન્ટ કે કેબિન ક્રુ તરીકે એરલાઇન્સ ઇન્ડસ્ટ્રીમાં કામ કરવાનું, અને આકર્ષક પગાર મેળવીને બેસ્ટ કરિયર બનાવવાનું તો એવિએશન ફિલ્ડમાં રહેલા છે તમારા ડ્રીમ કરિયર્સ. આ ફિલ્ડમાં હાઈ સેલેરી પેકેજ અને હાઈ-સ્ટાન્ડર્ડ લાઈફસ્ટાઈલ સાથે બીજા ઘણા ફાયદાઓ છે જેવા કે....

- વિશ્વભરમાં સફર કરવાની તક
- એટ્રેક્ટીવ યુનિફોર્મ, પ્લીઝન્ટ પર્સનાલિટી
- નવા નવા લોકો સાથે ઈન્ટરેક્ટ કરવાની અને નવું શીખવાની તકો
- વિશ્વની ટોચની એરલાઈન્સમાં જોડાવાનું સપનું સાકાર કરી શકશો.

આમ, એવિએશન ફિલ્ડ એ હાઇ-પેઇંગ અને એલિગન્ટ કરિયર ઓપ્શન છે.



### એવિએશન ફિલ્ડમાં કેવી જોબ મળે?

- ગ્રાઉન્ડ સ્ટાફ (Ground Staff) – એરપોર્ટ પર કસ્ટમર સર્વિસ, ચેક-ઇન એન્ડ પેસેન્જર આસિસ્ટન્સ
- કેબિન ક્રૂ (Cabin Crew/Air Hostess) – ફ્લાઈટ એટેન્ડન્ટ તરીકે એરલાઇનમાં સર્વિસ પ્રોફેશન
- ટ્રાવેલ એન્ડ ટૂરિઝમ મેનેજમેન્ટ – હોટેલ અને ટૂરિઝમ ઉદ્યોગમાં વ્યાવસાયિક કારકિર્દી
- એરપોર્ટ મેનેજર (Airport Manager) – એરપોર્ટ નું મેનેજમેન્ટ, સુરક્ષા, ફ્લાઈટ શેડ્યુલિંગ, લૉજિસ્ટિક્સ, અને મુસાફરોની સુવિધાઓનું સંચાલન
- એરલાઇન મેનેજર (Airline Manager) – ફ્લાઈટ ઓપરેશન્સ, ક્રૂ મેનેજમેન્ટ, ટિકિટિંગ, કસ્ટમર સર્વિસ

### એવિએશન ફિલ્ડના ટ્રેન્ડિંગ કોર્ષ:

BBA/IMBA in Airport & Travel Management | Professional Certificate in Ground Staff & Tourism Management | Professional Certificate in Aviation, Hospitality & Tourism Management

**ઘણા વિદ્યાર્થીઓને Aviation, Hospitality, Tourism Management જેવા કોર્ષમાં અભ્યાસ કરવાનો ઉત્સાહ હોય છે, પરંતુ આવા કોર્ષ માત્ર મોટા શહેરોમાં ઉપલબ્ધ હોવાના કારણે તેઓ માટે આ શક્ય બનતું નથી.** ખાસ કરીને, ભણવાનો ખર્ચ અને રહેવા-જમવાની મુશ્કેલીઓ આવા કોર્ષમાં પ્રવેશ લેતાં વિદ્યાર્થીઓ માટે એક મોટી ચેલેન્જ છે. હવે, નોબલ યુનિવર્સિટી, **જુનાગઢ ખાતે ઑન કેમ્પસ હોસ્ટેલ સાથે આ તમામ કોર્ષ ઉપલબ્ધ હોવાથી, વિદ્યાર્થીઓ પોતાના નજીકના વિસ્તારમાંથી જ એવિએશન, હોટેલ મેનેજમેન્ટ, ટુરિઝમ જેવા ફિલ્ડમાં સરળતાથી અભ્યાસ કરી શકે છે. આ કોર્ષમાં વિદ્યાર્થીઓને નોબલ યુનિવર્સિટી દ્વારા 5 - સ્ટાર હોટેલમાં ટ્રેનીંગ આપવામાં આવશે. આમ, આ કોર્ષ વિદ્યાર્થીઓને ગ્લોબલ લેવલે કરિયર બનાવવા માટે જરૂરી નોલેજ અને સ્કિલ આપે છે, માટે વિદ્યાર્થીઓએ સ્ટડી માટે દૂર જવાની જરૂર રહેતી નથી.**

## શું તમારું ડ્રીમ સરકારી નોકરી મેળવવાનું છે?

## તો તમારા માટે એક જ વિકલ્પ એટલે BA (With Competitive Exams) કોર્ષ:

### ધોરણ 12 આર્ટસ ના વિદ્યાર્થીઓ માટે ખાસ
### શું છે BA (With Competitive Exams) કોર્ષ? આવો જાણીએ.

BA (With Competitive Exams) એક એવો કોર્ષ છે કે જેમાં ગ્રેજ્યુએશન ના 3 વર્ષ દરમ્યાન જ વિદ્યાર્થીઓ સરકારી ભરતી પરિક્ષાઓ ની તૈયારી સરળતાથી કરી શકે છે.

**સામાન્ય રીતે જે વિદ્યાર્થીઓ નુ સ્વપ્ન માત્ર સરકારી નોકરી મેળવવાનું હોય છે, તેઓ સ્પર્ધાત્મક પરીક્ષા ની પ્રિપેરેશન માટે કોઈ પણ ગ્રેજ્યુએશન પ્રોગ્રામ ની સાથે અલગથી કોમ્પિટીટીવ એક્ઝામ માટે કોચિંગ કલાસ રાખતા હોય છે એટલે કે વિદ્યાર્થી કોલેજ સ્ટડી ની સાથે સરકારી પરીક્ષાઓ માટે પણ તૈયારી કરતા હોય છે, પરંતુ કોલેજના લેકચર, એક્ઝામ, ટ્યુશન અને ઇન્ટર્નલ માર્કસના ટેન્શન ને કારણે વિદ્યાર્થી કોમ્પિટીટીવ એક્ઝામની પ્રિપેરેશન માટે પુરતું ધ્યાન આપી શકતા નથી. વળી બંનેનાં વિષયો અલગ હોવાના કારણે ગ્રેજ્યુએશનની પરીક્ષાની પણ તૈયારી અલગથી કરવી પડે છે. આમ, કોમ્પિટીટીવ એક્ઝામની પ્રિપેરેશન માટેનો સમય અને શક્તિ ગ્રેજ્યુએશન કોર્ષ પાછળ ખર્ચાય જાય છે. પરિણામે ઘણા વિદ્યાર્થીઓ સરકારી ભરતી પરીક્ષામાં સફળતા મેળવી શકતા નથી. ઉપરાંત સમય અને પૈસા નો પણ ખોટો બગાડ થાય છે. આ સમસ્યાનું સમાધાન એટલે જ BA (With Competitive Exams) કોર્ષ.**

એક એવો ગ્રેજ્યુએશન કોર્ષ કે જેના **સિલેબસ માં જ સરકારી ભરતી પરિક્ષાઓ ના બધાં વિષયો** જેવાકે હિસ્ટ્રી, મેથ્સ-રીઝનીંગ, ગવર્નન્સ, ભુગોળ, ઇકોનોમિકસ, ભાષા વગેરે આવી જતા હોય, જેથી વિદ્યાર્થીઓ GPSC ઉપરાંત રેલવે, બેંક કે ક્લાસ 1 અને 2 વગેરે જેવી કોમ્પિટીટીવ એક્ઝામ્સ કોઈપણ પ્રકારના એકસ્ટ્રા કોચિંગ કે તૈયારી વગર 100% કોન્ફિડન્સ સાથે સરળતાથી પાસ કરી શકે છે,

આગામી સમયમાં પુષ્કળ પ્રમાણમાં સરકારી ભરતીની પરીક્ષાઓ જાહેર થવાની છે, જેના અનુસંધાને વિદાર્થીઓ ગ્રેજ્યુએશનની સાથે જ ક્લાસ 1 અને 2 ની સરકારી નોકરી મેળવવા માટે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી શકે તેવા હેતુથી ગુજરાતમાં એકમાત્ર નોબલ યુનિવર્સિટી દ્વારા BA (With Competitive Exams) કોર્ષ શરૂ કરવામાં આવેલ છે, જે ગુજરાત સરકાર દ્વારા લેવાતી લગભગ તમામ સરકારી ભરતી પરીક્ષાઓમાં ઉપયોગી વિવિધ વિષયોને આવરી લેતો અભ્યાસક્રમ છે.

BA (With Competitive Exams) UGC માન્ય ગ્રેજ્યુએશન કોર્ષ છે. આ કોર્ષમાં પરીક્ષા પદ્ધતિ પણ સરકારી પરીક્ષાઓને અનુરૂપ હોય માટે વિદ્યાર્થીઓ **આ પરીક્ષાઓ પાસ કરવા ની શક્યતાઓ ખુબજ વધી જાય છે.** આ કોર્ષ ધોરણ 12 આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોઈપણ પ્રવાહના વિદ્યાર્થીઓ કરી શકે છે પરંતુ **ધોરણ 12 આર્ટસના વિદ્યાર્થીઓ માટે તો આ કોર્ષ આશિર્વાદરૂપ છે.** આ કોર્ષ વિષે ખૂબ ઓછા વિદ્યાર્થીઓ જાણે છે, જેથી તેઓ આ કોર્ષ નો લાભ લઈ શકતા નથી.

## B.A. With Competitive Exams કોર્ષની વિશેષતાઓ:

- ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાતી વર્ગ- 1/2 કક્ષાની ભરતી પરીક્ષાનો ફાઉન્ડેશન કોર્ષ
- ગણિત, અંગ્રેજી, રીઝનિંગ તેમજ ગુજરાતી વ્યાકરણ જેવા કઠિન ગણાતા પરંતુ સ્કોરિંગ વિષયો ને આવરી લેતો કોર્ષ
- IAS/IPS/IFS બનવા માટે પાસ કરવી જરૂરી એવી UPSC ની પરીક્ષાનું માર્ગદર્શન મેળવવા માટે SPIPA ખાતે એડમીશન લેવા આપવી પડતી પ્રવેશ પરીક્ષા નો સંપુર્ણ અભ્યાસક્રમ આવરી લેતો કોર્ષ
- સ્નાતક થયા બાદ વહેલી તકે સરકારી નોકરી પ્રાપ્ત કરવાની ગેરંટી આપતો કોર્ષ.
- અનુભવી શિક્ષકોની ટીમ તેમજ વિવિધ સ્પર્ધાત્મક ભરતી પરીક્ષામાં સફળતા મેળવનાર સરકારી અધિકારીના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલ અભ્યાસક્રમ.

આમ, **જો આપનું ડ્રીમ પણ સરકારી નોકરી મેળવવાનું હોય તો, ગ્રેજ્યુએશનની સાથે જ સરકારી પરીક્ષાની તૈયારી કરાવતો સ્પેશિયલ કોર્ષ BA (With Competitive Exams) આપના માટે બેસ્ટ ઓપ્શન છે. આ કોર્ષ ગુજરાત માં એકમાત્ર નોબલ યુનિવર્સિટી, જુનાગઢ માં ચાલે છે અને કોલેજ કેમ્પસમાં જ હોસ્ટેલની પણ વ્યવસ્થા છે.**

---

## B.A. With English

## યુનિવર્સલ કરિયર ઓપ્શન

તમને જો ભાષા, સાહિત્ય માં રસ છે તો BA with English તમારા માટે પરફેક્ટ કોર્ષ છે. આ ગ્રેજ્યુએશન કોર્ષ માં તમે અંગ્રેજી સાહિત્યના મહાન કાવ્યો, નાટકો અને લેસન્સ શીખો છો. જે તમારી ભાષા અને વિચારોના અભિગમને મજબુત બનાવવા માં મદદ કરે છે. BA (ઇંગ્લિશ) કર્યા પછી પ્રાઇવેટ કે સરકારી કોલેજ/સ્કૂલ માં શિક્ષક/પ્રોફેસર તરીકે બેસ્ટ જોબ મળી શકે છે. વળી BA English ના અભ્યાસ થી લેખક, શિક્ષકો, પત્રકાર, યુટ્યુબર અને મીડિયા / સંચાર ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી બનાવી શકો છો. આ કોર્ષ માં

**Writing | Communication | Soft Skills | Editing | Publishing | Public Relations જેવા વિવિધ વિષયો ભણવામાં આવે છે.**

**આજના સમયમાં, વિશ્વ તેજીથી બદલાઈ રહ્યું છે, અને એવામાં BA English કોર્ષ દરેક ક્ષેત્રમાં સફળતા અપાવવા ઉપયોગી નીવડશે. અંગ્રેજી ભાષા હવે દરેક ફિલ્ડ માં અનિવાર્ય થઈ ગઈ છે.** જેવા કે શિક્ષણ, વ્યવસાયિક ક્ષેત્રો, મીડિયા, ટુરિઝમ, ટેકનોલોજી સહિત અનેક ક્ષેત્રો....

BA English કરનારા વિદ્યાર્થી ને અંગ્રેજી ભાષા પર સંપુર્ણ પ્રભુત્વ મેળવી શકે છે, જે તેઓને ક્રિએટિવ કરિયર તરફ દોરી જાય છે. **જુનાગઢની નોબલ યુનિવર્સિટીમાં આ કોર્ષ ચાલે છે. જેમાં કેમ્પસમાં જ હોસ્ટેલ સુવિધા પણ ઉપલબ્ધ છે.**

## BSW – બેચલર ઓફ સોશિયલ વર્ક

### સમાજ સેવા ફિલ્ડનો કોર્ષ

BSW એ ખૂબ ટ્રેન્ડિંગ કોર્ષ છે, જેમાં તમે **પ્રોફેશનલ સોશિયલ વર્કર તરીકે બેસ્ટ કરિયર બનાવી શકો છો, ધોરણ ૧૨ આર્ટ્સ પછી સામાજીક કલ્યાણ માટે ખાસ તૈયાર કરાયેલો કોર્ષ એટલે બેચલર ઓફ સોશિયલ વર્ક.** આ ત્રણ વર્ષનો ગ્રેજ્યુએશન કોર્ષ છે. જેમાં પછી MSW કરી સામાજીક કાર્યો, સેવાકીય પ્રવૃત્તિ અને NGO વગેરે માં કરિયર બનાવી શકો છો.

આ કોર્ષ માં સામાજીક કાર્યના સિદ્ધાંતો અને નીતિ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. અહીં વિદ્યાર્થીઓને પ્રેકટીકલ ટ્રેનિંગ કે ફિલ્ડ વર્ક પણ કરવાનું હોય છે. આમ, આ અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓ એક પ્રોફેશનલ સામાજિક કાર્યકર તરીકે સામાજીક પરિવર્તન અને લોક કલ્યાણ માટે સક્ષમ બની શકે છે. આ કોર્ષ ધોરણ 12 આર્ટસ, કોમર્સ, અને સાયન્સ કોઈપણ પ્રવાહના વિદ્યાર્થીઓ કરી શકે છે. **જુનાગઢની નોબલ યુનિવર્સિટીમાં આ કોર્ષ ચાલે છે. જેમાં કેમ્પસમાં જ હોસ્ટેલ સુવિધા પણ ઉપલબ્ધ છે.**

## ANM & GNM

### ધોરણ ૧૨ પછી નર્સિંગ ફિલ્ડ માં એન્ટ્રી

ધોરણ ૧૨ કોમર્સ, આર્ટ્સના વિદ્યાર્થીઓનું લક્ષ્ય જો નર્સિંગ ફિલ્ડ માં જવાનું છે, તો તેઓ 3 વર્ષનો GNM કોર્ષ જોઈન કરી શકે છે, જેને ડિપ્લોમા જનરલ નર્સિંગ એન્ડ મિડવાઇફરી કહેવાય છે. આ કોર્ષ ભાઈઓ તથા બહેનો કરી શકે છે. આ કોર્ષ બાદ PB.BSc. Nursing પણ કરી શકાય છે જ્યારે બીજી બાજુ ANM એ ફક્ત બહેનો માટે 2 વર્ષનો નર્સિંગ ડિપ્લોમા કોર્ષ છે, જેમાં પ્રાથમિક સારવાર અને નર્સિંગ પર ફોકસ છે જ્યારે GNM માં નર્સિંગ ઉપરાંત મિડવાયફરી અને આરોગ્ય સંભાળના સમગ્ર ક્ષેત્ર પર વિશેષ તાલીમ આપવામાં આવે છે. આમ, આ કોર્ષ કરી નર્સિંગ ક્ષેત્રે બેસ્ટ કરિયર બનાવી શકાય છે. **જુનાગઢની નોબલ યુનિવર્સિટીમાં આ કોર્ષ ચાલે છે. જેમાં કેમ્પસમાં જ હોસ્ટેલ સુવિધા પણ ઉપલબ્ધ છે.**

## CS: કંપની સેક્રેટરી

### કોર્પોરેટ-લીગલ ફિલ્ડમાં એક પ્રોફેશનલ કરિયર

CS પણ CA ની માફક પ્રોફેશનલ કોર્ષ છે, જેની પણ વર્લ્ડમાં ખુબ પ્રતિષ્ઠા છે. આ પ્રોફેશનલ કોર્ષનો ફાયદો એ છે કે અહી થિઓરિટીકલ નોલેજની સાથે પ્રેક્ટીકલ ટ્રેનીંગ પણ મળે છે. કંપની સેક્રેટરીએ કાયદાકીય પાલન અને કંટ્રોલ કરવાનું હોય છે. ધોરણ 12 પછી CS એ 2.5 વર્ષ નો કોર્ષ છે, જેમાં છેલ્લા વર્ષે CA ની માફક આર્ટિકલશીપ કરવાની હોય છે આમ, CS કર્યા પછી કોમર્સ ફિલ્ડમાં સારું કરિયર બનાવી શકાય છે અને પ્રોફેશનલ ટ્રેનીંગ મેળવી શકાય છે. આ કોર્ષ ICSI ( ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા ) દ્વારા ચલાવાય છે. CS પછી કોર્પોરેટ ફિલ્ડમાં સારી જોબ મેળવી શકાય છે.

# હોટેલ મેનેજમેન્ટ

## હોસ્પિટાલિટી અને ફૂડ ટેકનોલોજી ફિલ્ડનું પરફેક્ટ મિક્સ

**આજના યુગમાં, લોકો માટે હોટલ અને હૉસ્પિટાલિટી સેવાઓ માત્ર લક્ઝરી નહીં, પરંતુ જરૂરિયાત બની ગઈ છે.**

પછી એ ટ્રાવેલ હોય, બિઝનેસ ટૂર્સ, પાર્ટીઓ, લગ્ન, કે વેકેશન હોય; હોટેલ્સ અને રેસ્ટોરન્ટ્સની માંગ સતત વધી રહી છે.

**આવું શા માટે?**

- ફુડ ડિલિવરી સર્વિસ અને ક્લાઉડ કિચનનો ટ્રેન્ડ
- લક્ઝરી અને બિઝનેસ હોટલ્સની વધતી માંગ
- ટૂરિઝમ અને એવિએશન ઉદ્યોગ સાથે હોટેલ્સનો વિકાસ
- ફાઈવ-સ્ટાર હોટેલ્સ અને રિસોર્ટ્સમાં વેલ-ટ્રેન્ડ પ્રોફેશનલ્સની જરૂર



આ ફિલ્ડમાં રસ ધરાવનારાં માટે, હોટેલ મેનેજમેન્ટ એક પ્રોફિટેબલ અને વૈશ્વિક સ્તરે માંગ ધરાવતો કારકિર્દી વિકલ્પ બની ગયો છે. **જો તમારે મેનેજમેન્ટ, ફૂડ, હૉસ્પિટાલિટી, અને સર્વિસ ઇન્ડસ્ટ્રીમાં રસ છે, તો આ ક્ષેત્ર તમારા માટે હાઇ-પેઇંગ અને ગ્લોબલ કરિયર બનાવવાનો હોટેલ મેનેજમેન્ટ એ બેસ્ટ ઓપ્શન હોઈ શકે છે!**

આ ફિલ્ડ માં તમે...

**Bachelor in Hotel Management & Catering Technology કોર્ષમાં** ગ્રેજ્યુએશન કરી શકો છો. આ કોર્ષમાં ફાઇવ-સ્ટાર હોટેલ, રિસોર્ટ, રેસ્ટોરન્ટ મેનેજમેન્ટ, અને ઈવેન્ટ પ્લાનિંગ જેવા ફિલ્ડમાં ઓન ધ જોબ ટ્રેનિંગ  લેવાની હોય છે તેમજ આ કોર્ષ કર્યા પછી આ ફિલ્ડમાં

**હોટેલ મેનેજર | ફૂડ અને બેવરેજ મેનેજર | ઈવેન્ટ મેનેજર | ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ મેનેજર**

**જુનાગઢ માં નોબલ યુનિવર્સિટીમાં હોટેલ મેનેજમેન્ટ કોર્ષ ઉપલબ્ધ છે, જે ફૂડ અને હૉસ્પિટાલિટી ક્ષેત્રમાં શ્રેષ્ઠ તાલીમ અને કારકિર્દી વિકલ્પો આપે છે.**

# ડિજિટલ માર્કેટિંગ કોર્ષ

## મોસ્ટ ડિમાન્ડિંગ કરિયર

### એક એવું ફિલ્ડ કે જેની વર્તમાન અને ભવિષ્ય બંને માં ડિમાન્ડ છે.

આજના સમયમાં મોટાભાગના લોકો પોતાનો વધુમાં વધુ સમય મોબાઈલ, કોમ્પ્યુટર કે સોશિયલ મીડિયા પર વિતાવતા હોય છે, તો બિઝનેસ ને પણ ટ્રેડિશનલ માર્કેટિંગ છોડી ડિજિટલ પ્લેટફોર્મ પર જ માર્કેટિંગ વધારવું પડશે અને પોતાની ઓળખ ઉભી કરવી પડશે. . જો તમે વિધાર્થી છો, હાઉસવાઈફ છો કે બિઝનેસમેન છો, આજના સમયમાં દરેક માટે ડિજિટલ માર્કેટિંગ શીખવું અનિવાર્ય છે.

### ડિજિટલ માર્કેટિંગ એટલે શું?

ડિજિટલ માર્કેટિંગ એટલે સોશિયલ મીડિયા માર્કેટિંગ. જેમ કે ઓનલાઇન પ્લેટફોર્મ ઉપર જાહેરાત કરવી, પોસ્ટ બુસ્ટ કરવી, રિલ્સ બનાવવી, ગ્રાફિક ડિઝાઇન વગેરે. ઉપરાંત ડિજિટલ માર્કેટિંગ માં SEO એટલે કે, સર્ચ એન્જિન ઓપ્ટીમાઈઝેશન કે જેથી તમારા વેબસાઇટની રેન્કિંગ ઉપર લાવી શકો છો, આ સિવાય ગૂગલ એડ્સ કે યુટ્યુબ એડ્સ ચલાવી લીડ્સ જનરેટ કરી શકાય છે.

**જો આપ વિધાર્થી છો તો ફ્રિલાન્સર, કન્સલ્ટન્ટ તરીકે કે કોર્પોરેટમાં માર્કેટિંગ મેનેજર તરીકે બેસ્ટ જોબ મેળવી શકો છો, હાઉસવાઈફ છો તો ડિજિટલ માર્કેટિંગ ફિલ્ડમાં વર્ક ફ્રોમ હોમ જોબ મેળવી ઘરે બેઠા કમાઈ શકો છો, અને બીઝનેસમેન છો તો ડિજિટલ માર્કેટિંગ ના ઉપયોગથી આપની પ્રોડક્ટ કે સર્વિસનું વેચાણ વધારી શકો છો અને ડિજિટલ એડર્વટાઇઝમેન્ટથી ધંધાની એક બ્રાન્ડ બનાવી શકો છો. આમ, બધા માટે ડિજિટલ માર્કેટિંગ ઉપયોગી છે.**

### ડિજિટલ માર્કેટિંગ ફિલ્ડના સર્ટિફિકેટ કોર્ષ:

1. **Certificate Course in Mastering Digital Marketing**
2. **Certificate Course in Google Ads**
3. **Certificate Course in Search Engine Optimization (SEO)**
4. **Certificate Course in Social Media Marketing**



આ Certificate course હોવાને લીધે કોર્ષ ડ્યુરેશન પણ ઓછું હોય છે.. જે ગ્રેજ્યુએશન કે પોસ્ટ ગ્રેજ્યુએશનની સાથે આસાનીથી કરી શકાય છે. આ કોર્સીસ દ્વારા ડિજિટલ માર્કેટિંગ ના કિંગ બની શકો છો. આ તમામ કોર્ષ એકદમ ટ્રેડિંગ છે. જે ધોરણ 12 પછી કોઈપણ પ્રવાહના વિદ્યાર્થીઓ પોતાના ગ્રેજ્યુએશનની સાથે સાથે પણ જોઇન કરી શકે છે. **સર્ટિફિકેટ કોર્ષ ઉપરાંત ડિજિટલ માર્કેટિંગ ફિલ્ડમાં B.Com. in Digital Marketing, BBA in Digital Marketing, B.Voc. in Digital Marketing પણ ટ્રેન્ડિંગ ગ્રેજ્યુએશન પ્રોગ્રામ્સ છે.**

**જૂનાગઢની નોબલ યુનિવર્સિટીમાં DSA (Digital Sandip Academy), અમદાવાદના સહયોગથી ડિજિટલ માર્કેટિંગના કોર્ષ ચાલે છે.**

## Study Abroad

# વિદેશમાં ભણવાની તક

- ધોરણ 12 પછી USA, UK, Canada, Germany, Australia વગેરે દેશોમાં ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશન કરવાના ખુબ સારા ઓપ્શન્સ રહેલા છે.
- સ્ટુડન્ટ વિઝા અને વર્ક પરમિટને આધારે સરળતાથી અને વ્યાજબી ખર્ચમાં વિદ્યાર્થીઓ ભણવા સાથે જોબ પણ કરી શકે છે.
- મોટાભાગની ફોરેન યુનિવર્સિટીઓ એજ્યુકેશન અને હોસ્ટેલ માટે ઘણી મોટી રકમની સ્કોલરશીપ ઓફર કરતી હોય છે.
- ફોરેન યુનિવર્સિટીમાં અભ્યાસ પુર્ણ કર્યા બાદ વિદ્યાર્થી જે તે દેશમાં સેટલ થઈને સારી લાઈફ સ્ટાઈલ સાથે બેસ્ટ કરિયર બનાવી શકે છે. અથવા ઇન્ડિયા પરત આવીને કોર્પોરેટમાં બેસ્ટ પેકેજ સાથે જોબ મેળવી શકે છે.
- **જુનાગઢની નોબલ યુનિવર્સિટીમાં IELTS અને TOEFL જેવી પરિક્ષાઓની ટ્રેનિંગ Kanan.Co ના સહયોગથી આપવામાં આવે છે તેમજ વિઝા અને વર્ક પરમિટ ની પ્રોસેસ પણ કરી આપવામાં આવે છે.**



## ધો. 12 પછીના સ્કિલ ડેવલોપમેન્ટ કોર્ષ – તત્કાલ જોબ મેળવવાનો સૌથી સરળ રસ્તો.

### સ્ટડી + સ્કિલ = બેસ્ટ કરિયર

### માત્ર ડિગ્રી નહિ, સ્કિલ પણ જરૂરી છે!

આજના સમયમાં માત્ર ડિગ્રી પૂરતી નથી, સાથે બેસ્ટ કરિયર માટે સ્કિલ્સ પણ જોઈશે જ. સારા પેકેજની જોબ ત્યારે જ મળે, જ્યારે તમારા પાસે નીચે મુજબની સ્કિલ હોય.

**Communication Skills | Computer Skills | Presentation Skills | Good Personality & Grooming**

**દાખલા તરીકે 'વિદ્યા' ટોપર છે પરંતુ જો બેસ્ટ કોમ્યુનિકેશન સ્કિલ અને પર્સનાલિટી નહીં હોય અને જોબ માં ઇન્ટરવ્યુ સમયે જો તે સારું પરફોર્મન્સ નહીં આપી શકે, કોમ્યુનિકેટ નહિ કરી શકે તો જોબ માં સિલેક્ટ થઈ શકશે નહીં. નોલેજ ની સાથે સ્કિલ હશે તો જ બેસ્ટ કરિયર બનાવી શકાય.**

માટે એવી જ કોલેજ પસંદ કરવી જોઈએ કે જે માત્ર ડિગ્રી નહીં પરંતુ સાથે સ્કિલસ પણ શીખવે. **મોડર્ન વર્લ્ડ માં આ સ્કિલ ડેવલપમેન્ટ કોર્ષને "કરિયર બુસ્ટર્સ" કહી શકાય.**

### જુનાગઢની નોબલ યુનિવર્સિટીમાં ગ્રેજ્યુએશનની સાથે વિવિધ સ્કિલ ડેવલોપમેન્ટ કોર્ષ રેગ્યુલર સિલેબસમાં જ શીખવવામાં આવે છે. જેવા કે,

- ડિજિટલ માર્કેટિંગ (LinkedIn, Facebook, Instagram, YouTube, Google Ads, SEO)
- કોમ્પિટિટિવ એક્ઝામ્સ (Quantitative Aptitude, Logical Reasoning)
- સ્માર્ટ ઇંગ્લિશ (Listening, Writing, Reading, Typing, Phonics)
- કમ્પ્યુટર સ્કિલ્સ (MS Excel, MS Word, Google Tools)
- વિદેશી ભાષાઓ (ફ્રેન્ચ)
- બિઝનેસ એટીકેટ્સ (Office, Dressing, Dining, International, Telephone Etiquette)
- પ્રેઝન્ટેશન સ્કિલ્સ (Oral Presentation, Powerpoint Presentation, Video Conferencing)
- પર્સનલિટી ગ્રૂમિંગ (Dressing Style, Non-verbal Communication)
- રિઝ્યુમ બિલ્ડિંગ સ્કિલ્સ (Resume vs CV, Methods, Video Resume)
- ઇન્ટરવ્યુ સ્કિલ્સ (Types, Preparation)



જે તમને બેસ્ટ કરિયર અપાવશે.

# માસ્ટર કરિયર ટિપ્સ

આ બધુ ગાઈડન્સ ત્યારે જ કામનું, જ્યારે તમને ભણવા માં રસ-રુચિ હોય, તમે બેસ્ટ પરફોર્મ કરી શકશો તેવો આત્મ-વિશ્વાસ અને સારા કરિયર માટે સખત મહેનત કરવાની તૈયારી હોય.

અત્યારે કયો કોર્ષ ટ્રેન્ડિંગ છે, એ વિચારવા ને બદલે 3-4 વર્ષ પછી તમે જ્યારે ગ્રેજ્યુએટ થઈને બહાર આવશો, ત્યારે શાની ડીમાન્ડ હશે, તેનો વિચાર કરીને કોર્ષ ની પસંદગી કરવી જોઈએ.

દરેક વિદ્યાર્થીઓને પોતાની જાતિ, માર્કસ અને વાલીની આવકને આધારે સરકાર તરફથી અને યુનિવર્સિટી તરફથી ઘણી સ્કોલરશીપ મળતી હોય છે આ વિષે ખુબજ ઓછા વિદ્યાર્થીઓ જાણે છે. આ દરેક સ્કોલરશિપ ની વિગત મેળવીને જ એડમિશન લેવું જોઈએ.

જે ફિલ્ડ પસંદ કરો એનું ભવિષ્ય અત્યાર થી વિચારી લો, જો અર્નિંગ તો કોઈ પણ ફિલ્ડમાં છેવટે મહેનત કરીને મેળવી જ શકશો, પણ એ કામમાં જોબ સેટિસ્ફેક્શન પણ હોવું જોઈએ અને સેટિસ્ફેક્શન ઇન્ટરેસ્ટ મુજબ સાચા ફિલ્ડ માં જવાથી જ આવશે.

વિદ્યાર્થીઓ મેચ્યોરીટી ના અભાવે ખોટો નિર્ણય લઈ લેતા હોય છે, પરંતુ યાદ રાખો કે તમે આજે કરેલ નિર્ણય પર જ તમારી આવતીકાલ છે.

જે ફિલ્ડ આપણને પસંદ હોય એજ ફિલ્ડ માં જવું જોઈએ. બીજા લોકો ગમે તેમ કહે કે કરે, પણ એ ફિલ્ડ આપણને પસંદ ન હોય તો તેમાં ક્યારેય ન જવાય.

કોઈપણ કોર્ષ કે કોલેજમાં એડમિશન લેતા પહેલા પરિવારની આર્થિક પરીસ્થિતિનો પણ ખ્યાલ રાખવો જોઈએ, કારણકે વધારે ફી વાળી કોલેજ માં એડમિશન લેવાથી કોઈ જાદુ નથી થવાનો; આપની મહેનત અને ધગશ થી જ ચમત્કાર થવાનો છે.

માત્ર સ્ટડી કે ડિગ્રી નહીં સ્કિલ્સ ડેવલપ કરવા પર પણ ફોકસ કરો. તોજ સારું પ્લેસમેન્ટ મળશે.



# સિક્રેટ ઓફ સક્સેસ: બેસ્ટ કોલેજ ની પસંદગી

## કોલેજ એટલે શું ? કોલેજ એટલે સ્ટુડન્ટ લાઈફ ના ગોલ્ડન ડેઈઝ

### કોલેજ પસંદ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :

મોટા સિટીનો મોહ રાખવાને બદલે જે કોલેજમાં સારા પ્લેસમેન્ટ મળતા હોય, ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ સેલ કાર્યરત હોય, અને કંપનીઓ કેમ્પસ પ્લેસમેન્ટ માટે આવતી હોય તેવી કોલેજ પસંદ કરવી જોઈએ. **દરેક વિદ્યાર્થીએ એડમિશન લેતા પહેલા યુનિવર્સિટી-કોલેજ ની વેબસાઈટ પર કે અન્ય રીતે આપેલ પ્લેસમેન્ટ રેકોર્ડ્સ તપાસીને જ કોલેજ પસંદગી કરવી જોઈએ.**

**જુનાગઢ જેવા મધ્યમ શહેરોમાં પ્લેસમેન્ટની સૌથી વધુ તકો રહેલી છે** એટલા માટે જ અમદાવાદ, મુંબઈ, વડોદરા જેવા મેટ્રો સિટીઝની કંપનીઓ પણ પ્લેસમેન્ટ માટે જુનાગઢ જેવા શહેરોમાં હોશિયાર અને મહેનતુ ઉમેદવારોની પસંદગી કરતી હોય છે..

**સ્ટડી માટે મેટ્રો સિટીસ માં જવાના મોહમાં ઘણી વખત પૈસા અને સમયનો વ્યર્થ ખર્ચ થાય છે.** UGC માન્ય કોઈપણ સારી યુનિવર્સિટીમાં એડમિશન લઈ શકો છો. હંમેશા નિર્ણય લેતા પહેલા **ROI (રિટર્ન ઓન ઈન્વેસ્ટમેન્ટ) કેલ્ક્યુલેટ કરવું ભુલશો નહીં.**

**દાખલા તરીકે જો તમે જુનાગઢ, ગિરસોમનાથ , દ્વારકા, પોરબંદર, જામનગર, જેતપુર, ધોરાજી, ઉપલેટા, ગોંડલ, અમરેલી, ભાવનગર, બોટાદ કે જુનાગઢની આજુબાજુના વિસ્તાર માંથી છો અને આ બુકલેટ વાંચી રહ્યા છો તો યાદ રાખો કે તમારી સૌથી નજીક નું એજ્યુકેશન હબ જુનાગઢ છે અને અહિયાં રહીને ઓછા ખર્ચમાં પણ શ્રેષ્ઠ શિક્ષણ મેળવી શકાય છે, અને કેમ્પસ પ્લેસમેન્ટ દ્વારા બેસ્ટ જોબ પણ મેળવી જ શકે છે જેમાં કોઈ શંકાને સ્થાન નથી.**

એવી કોલેજ પસંદ કરવી જોઈએ જેમાં કોલેજના કેમ્પસમા જ હોસ્ટેલ હોય, તેના અનેક ફાયદાઓ છે, જેવા કે., કોલેજના કેમ્પસ માજ હોસ્ટેલ હોવાથી સમય, શક્તિ અને ખર્ચનો બચાવ થાય છે, અને આ સમય નો ઉપયોગ ભણવામાં તેમજ સ્પોર્ટ્સ કે અન્ય સ્કિલ ડેવલોપમેન્ટ એક્ટિવિટીમાં કરી શકાય છે. ઉપરાંત, કેમ્પસમા હોસ્ટેલ હોવાથી દીકરા દીકરીઓની સેફ્ટી અને સિક્યોરીટી પણ જળવાય છે. **માટે એવી જ કોલેજ પસંદ કરો કે જે કોલેજના કેમ્પસમાં જ કોલેજની પોતાની હોસ્ટેલ હોય.**

આ ઉપરાંત યુનિવર્સિટીની નામના, ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફેસીલીટી, ફી સ્ટ્રક્ચર, મેરીટ બેઝ્ડ સ્કોલરશીપ મળશે કે કેમ?, ફેકલ્ટી મેમ્બર્સ નું ક્વોલિફિકેશન અને એક્સપિરિયન્સ , કોલજ ના પ્લેસમેન્ટ રેકોર્ડ્સ, સ્પોર્ટ્સ ફેસીલીટી, પારદર્શક પરીક્ષા પદ્ધતિ, કલ્ચરલ એક્ટિવિટી અને ઈવેન્ટ્સ, NEP આધારિત અભ્યાસક્રમ છે કે નહિ? કોલેજમાં હોસ્ટેલ અથવા ટ્રાન્સપોર્ટેશન સુવિધા વગેરે બાબતો પણ ધ્યાનમાં રાખવી જોઈએ.

# ડ્રીમ કોલેજ: Noble University





















## ધોરણ ૧૨ કોમર્સ અને આર્ટસ પછી નોબલ યુનિવર્સિટી માં ઉપલબ્ધ અભ્યાસક્રમ:

# Business Management Courses

| | | | |
|---|---|---|---|
| **BBA**<br>(Bachelor of Business Administration)<br>(3/4 Years) | **iMBA**<br>(Integrated MBA)<br>(3 + 2 Years = 5 Years) | **BCom**<br>(Bachelor of Commerce)<br>(3/4 Years) | **CA**<br>with B.Com<br>(3 Years) |
| **B.Voc**<br>(Bachelor of Vocation)<br>(3/4 Years) | **BMS**<br>(Bachelor of Management Studies)<br>(3 Years) | **Skill BBA**<br>(3/4 Years) | **Skill BCom**<br>(3/4 Years) |
| **CA**<br>(Chartered Accountant)<br>(3.5 Years) | **B.Voc**<br>Management & Entrepreneurship<br>(3/4 Years) | **B.Voc**<br>Banking & Finance<br>(3/4 Years) | **B.Com & BBA**<br>with Management specialisations<br>(4 Years) |

# IT & Computer Courses

| | | | |
|---|---|---|---|
| **BCA**<br>(Bachelor of Computer Applications)<br>(3/4 Years) | **iMCA**<br>(Integrated MCA)<br>(3 + 2 Years = 5 Years) | **BSc IT**<br>(Bachelor of Science in Information Technology)<br>(3/4 Years) | **Skill BCA**<br>(3/4 Years) |
| **BCA**<br>AI & ML<br>(3/4 Years) | **BCA**<br>IMS & Cyber Security<br>(3/4 Years) | **BCA**<br>Cloud & App Development<br>(3/4 Years) | **B.Voc IT**<br>(3/4 Years) |
| | **B.Voc**<br>Digital Marketing<br>(3/4 Years) | **B.Com / BBA**<br>IT & DM specialisations<br>(4 Years) | |

# Aviation & Hospitality Courses

| | |
|---|---|
| **BBA**<br>**Airport & Travel Management**<br>(3/4 Years) | **Hotel Management & Catering Technology**<br>(3/4 Years) |

# ધોરણ ૧૨ કોમર્સ અને આર્ટસ પછી નોબલ યુનિવર્સિટી માં ઉપલબ્ધ અભ્યાસક્રમ:

## Arts & Humanities Courses

**BA with Competitive Exam**
(BA With History)
(3/4 Years)

**BA with English**
(3/4 Years)

**BSW**
(Bachelor of Social Work)
(3 Years)

## Healthcare & Nursing Courses

**ANM**
(Auxiliary Nurse Midwifery)
(2 Years)

**GNM**
(General Nursing and Midwifery)
(3 Years)

**B.Voc in Heathcare**
(3/4 Years)

## Skill Development & Certification Courses

**Certificate Course in Mastering Digital Marketing**
(8 Months)

**Certificate Course in Google Ads**
(3 Months)

**Search Engine Optimization (SEO)**
(3 Months)

**Certificate Course in Social Media Marketing**
(3 Months)

**Professional Certificate in Ground Staff & Tourism Management**
(6 Months)

**Professional Certificate in Aviation, Hospitality & Tourism Management**
(12 Months)

# Academic MOUs @ Noble University

# Recognitions & Accreditations

Established Under The Gujarat Private Universities Act

University Grant Commission (UGC)

All India Council for Technical Education (AICTE)

Pharmacy Council of India (PCI)

National Commission for Indian system of Medicine (NCISM)

National Commission for Homoeopathy (NCH)

Indian Nursing Council, New Delhi (INC)

Gujarat Nursing Council, Ahmedabad (GNC)

National Skill Development Corporation (NSDC)

Kamdhenu University

National Council for Teacher Education (NCTE)

Skill India

**50**
Acres Campus

**8,000+**
Students

**30,000**
Alumni

**550+**
Faculties

**1,08,088**
Library Books

**2,000**
Hostelites

**90+**
Programmes

**25,000**
Placements

# LIFE @ NU


YOUTH FESTIVAL


CONVOCATION


ANNUAL FUNCTION


CAMPUS INTERVIEW


TECH FEST



MUSIC CONCERT

# noble UNIVERSITY®

કોઈપણ કોર્ષ અંગેની વધુ માહિતી
**ફોન, વિડિયોકોલ અથવા રૂબરૂ કાઉન્સેલીંગ દ્વારા** મેળવી શકાય છે.

**એડમિશન હેલ્પલાઈન:**
# 98242 99961

8:30
Noble University
Online

## ધોરણ 10 અને 12
પછી અભ્યાસ માટે
વિદ્યાર્થીઓને
**સરકાર તરફથી જાતિ, માર્કસ અને વાલીની આવકને આધારે સ્કોલરશીપ**
આપવામાં આવે છે.

આ અંગેની સંપુર્ણ માહિતી માટે
# 98242 99961
**વોટ્સએપ નંબર પર**
# Hi
**લખી મોકલો.**

Message



**Main Campus**
Noble University,
Bhesan Road, Junagadh, Gujarat

**City Campus Help Centre**
Noble University City Campus,
Ambavadi, Near S.T. Bus Stand, Junagadh

www.nobleuniversity.ac.in

Noble University

**PRICE: ₹50**

DESIGNED BY VMDESIGNS.IN 9558802053